

## વિષય : ગુજરાતી ભાષાના શબ્દભંડોળના વિકાસ માટે વિવિધ અધ્યાપન યોજનાની અસરકારકતા

**બારીઆ આરતીબહેન વી.**
(મ.શિક્ષક, પ્રાથમિક વિભાગ)

❖ **પ્રસ્તાવના :** આપના જીવનમાં ભાષાનું મહત્ત્વ અત્યંત છે. તેથી વિદ્યાર્થીઓનાં વાંચન, લેખન, અને શ્રવણ દ્વારા શબ્દભંડોળ વિશે જાણે.

❖ **વિષયનાં શબ્દોનું અર્થઘટન :** - પાઠ્યપુસ્તક સિવાયના શબ્દોથી વિદ્યાર્થીઓ વધુ માહિતગાર થયા.
- શબ્દોનો યોગ્ય ઉપયોગ કરવાની કુશળતા વિકસી.

❖ **વિષયની પસંદગી :** શૈક્ષણિક કાર્ય દરમ્યાન,વાંચન દરમ્યાન પાઠના સમાનાર્થી શબ્દો પૂછ્યા - તેમની પાસે પર્યાયવાચી શબ્દો વધુ ન હતાં. શબ્દો ની સમજ ઓછી જોવા મળી.તેથી નવી પેઢીની ગુજરાતી ભાષા પ્રત્યે આત્મીયતા ઉભી થાય બાળકોમાં શબ્દભંડોળમાં વધારો થાય તે માટે આ વિષય ની પસંદગી કરી.

❖ **સંશોધન માટે નમૂનાઓ :**
- ધો. ૧ માં શબ્દો રમત દ્વારા.
- ધો. ૪ માં વિરોધી, સમાનાર્થી શબ્દો , એક શબ્દ માં છૂપાયેલા શબ્દો જેવી લેખિત કસોટી પ્રશ્નાવલિ દ્વારા.

❖ **સંશોધનની પ્રક્રિયા :** શૈક્ષણિક કાર્ય કરતી વખતે કેટલાક શબ્દો જેમાં એક અક્ષર પરથી શબ્દો બનાવવા. એક શબ્દમાં છૂપાયેલા શબ્દો, ચિત્રો દ્વારા શબ્દો લખાવવા વગેરે પ્રશ્નાવલિ દ્વારા અનુમાન કર્યું. તેમાં પહેલી ટેસ્ટમાં ઓછા ગુણ જોવા મળ્યાં ત્યારબાદ શબ્દોની સમજ બાદ બીજી કસોટી લીધી તેમાં તફાવત જોવા મળ્યો અને બાળકોના ગુણમાં વધારો જોવા મળ્યો.

❖ **કસોટી દ્વારા ચકાસણી :**
- ધો. ૪ નાં વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળમાં વધારો જોવા મળ્યો. - ભાષા પ્રત્યે રસ અને આત્મ વિશ્વાસ વધ્યો.
- નવા શીખેલા શબ્દો ને વાક્યોમાં ઉપયોગ કરતા થયા.

❖ **તારણો :**
- વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ સમૃદ્ધ બન્યું. - આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓનો ભાષા પ્રત્યે રસ અને રુચિ વધી.

❖ **અવલોકન :** મોટા ભાગના વિદ્યાર્થીઓને નવા શબ્દો સમજવામાં મુશ્કેલી આવતી હતી આવી અલગ અલગ રમતો, પ્રવૃત્તિઓમાં ખૂબ ઉત્સાહ પૂર્વક જોડાયા વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધ્યો.

❖ **ભાવિ સંશોધનનાં સૂચના :**
- અધ્યાપન યોજનામાં વધુ ચિત્રો, કાવ્યો, રમતો, ટેકનોલોજી આધારિત માધ્યમો નો સમાવેશ કરવો જોઈએ.
- વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો પર પણ આવું સંશોધન કરવું જરૂરી છે.



## વિષય : ધો. ૫ માં ગણિતના સ્વનિર્મિત સાધનો દ્વારા અધ્યયનની અસરકારકતા તપાસવી.

**મૈત્રી એન. પ્રજાપતિ**
(મ.શિક્ષક, પ્રાથમિક વિભાગ)

❖ **પ્રસ્તાવના :** સંશોધન એ માનવીનો સ્વભાવ છે. આજનો માનવી કે જે આધુનિક માનવી તરીકે ઓળખાતો થયો છે. એનામાટે માનવીએ ધણા શિખરો સર કરવામાં જે કામિયાબ ઉપકરણ એટલે સંશોધન.

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :** શિક્ષક દ્વારા અથવા વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ સાધનોનો ઉપયોગ કરી અધ્યયનની અસરકારકતા તપાસવી.

❖ **વિષયની પસંદગી શા માટે કરી ? કેવી રીતે ? :** જો શિક્ષક દ્વારા સ્વનિર્મિત સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને ગણિત સમજવું સરળ અને આનંદમય બની શકે. જે વિષય પસંદગીનો મુખ્ય હેતુ છે.

❖ **સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા છે. :**